# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-07-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) ભારતના સેમિકન્ડક્ટર માળખાને મજબૂત બનાવવા કેન્દ્રીય મંત્રીમંડળે સેમિકોનના બીજા તબક્કાને મંજૂરી આપી.
2) ઉત્તર પ્રદેશમાં 46 કિલોમીટરનો 6-માર્ગીય ગ્રીનફિલ્ડ એલિવેટેડ કોરિડોર મંજૂર.
3) ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર આજથી અમલમાં- પહેલા દિવસે 140 મિલિયન ડૉલરની નિકાસ.
4) પેલેસ્ટાઇને યુદ્ધગ્રસ્ત દેશમાં ત્રણ મુખ્ય વિકાસ પ્રોજેક્ટ્સ સ્થાપિત કરવાના ભારતના નિર્ણયનું સ્વાગત કર્યું.
5) અમેરિકા અને ઇરાનના એકબીજા ફરીથી હવાઈ હુમલા.
6) ફિફા વિશ્વ કપમાં, આજે બીજી સેમિફાઇનલ મેચમાં આર્જેન્ટિના અને ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો.

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET

કેન્દ્રીય મંત્રીમંડળે આજે હાઇબ્રિડ એન્યુઇટી મોડલ પર ઉત્તર પ્રદેશમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-19 અને વારાણસી રિંગ રોડ વચ્ચેના 46 કિલોમીટર અંતરને આવરી લેતા 6-માર્ગીય ગ્રીનફિલ્ડ એલિવેટેડ કોરિડોરને મંજૂરી આપી. આજે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રોજેક્ટનો કુલ મૂડી ખર્ચ 14 હજાર 400 કરોડ રૂપિયાથી વધુ છે.

(BYTE : ASHWINI-VAISHNAV-KASHI)

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે મંત્રીમંડળે ભારતના સેમિકન્ડક્ટર ડિઝાઇન અને ઉત્પાદન માળખાને મજબૂત બનાવવા એક લાખ 27 હજાર 500 કરોડ રૂપિયાના ખર્ચે સેમિકોનના બીજા તબક્કાને પણ મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે સેમિકોનનો બીજો તબક્કો ડિઝાઇન, મશીનો અને સામગ્રી, વધુ ફેબ્સ સ્થાપિત કરવા, ATMP-OSAT ઉદ્યોગને વધુ મજબૂત બનાવવા અને સંશોધન અને વિકાસ એમ છ સ્તંભો દ્વારા સેમિકન્ડક્ટર માળખાનો સર્વાંગી વિકાસ કરશે,

(BYTE : VAISHAV-SEMICON-2.0)

મંત્રીમંડળે 62 હજાર 500 કરોડ રૂપિયાના ખર્ચ સાથે મોબાઇલ ફોન ઉત્પાદન યોજનાને પણ મંજૂરી આપી. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ યોજના આગામી 5 વર્ષ માટે લાગુ કરાશે. તેમણે કહ્યું કે આ યોજના દેશમાં મોબાઇલ ફોનના ઉત્પાદન માટે યોગ્ય વેચાણ પર 2.25 ટકાથી 5 ટકા સુધી પ્રોત્સાહન સહાય પૂરી પાડશે. આ યોજનાથી અંદાજે 39 લાખ કરોડ રૂપિયાના મોબાઇલ ફોન ઉત્પાદનની અપેક્ષા છે. તેનાથી લગભગ 60 હજાર સીધી નોકરીઓનું સર્જન થશે.

(BYTE : ASHWINI-MPMS)

મંત્રીમંડળે ઓડિશા અને ઝારખંડના ચાર જિલ્લાઓને આવરી લેતા બે મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી, જેનાથી ભારતીય રેલવે માળખું 145 કિલોમીટર સુધી વિસ્તરશે. શ્રી વૈષ્ણવે કહ્યું મંત્રીમંડળે યુરિયા માટેની  રાષ્ટ્રીય રોકાણ નીતિ-2026ને પણ મંજૂરી આપી. આ નીતિ દેશમાં ગેસ-આધારિત યુરિયા ઉત્પાદન એકમો સ્થાપવા માટે યુરિયા ક્ષેત્રમાં નવા રોકાણોને પ્રોત્સાહન આપશે. NIPU-2026 હેઠળ સ્થાપિત પ્લાન્ટ દીઠ 250 કરોડ રૂપિયાથી વધુની બચત થવાનો અંદાજ છે.

# CETA STATES

ભારત અને યુનાઇટેડ કિંગડમના સીમાચિહ્નરૂપ વ્યાપક આર્થિક અને વેપાર કરાર – CETA આજથી અમલમાં આવ્યો છે. આજે પહેલા દિવસે ભારતમાંથી 140 મિલિયન ડોલરની વસ્તુઓની નિકાસ યુનાઇટેડ કિંગડમમાં થઈ રહી છે. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે આ સૌથી મહત્વાકાંક્ષી અને સૌથી મોટા વેપાર કરારોમાંનો એક છે, જે બંને બાજુ બજાર ઍક્સેસમાં તકો ખોલશે.

બ્રિટિશ ડેપ્યુટી હાઇ કમિશનર સ્ટીવ હિકલિંગ અને વિદેશ વેપાર મહાનિર્દેશાલય-DGFTના સંયુક્ત નિયામક ડૉ. રાહુલ સિંઘે આજે ગુજરાતનાં અમદાવાદના સાણંદમાં ઇનલેન્ડ કન્ટેનર ડેપો ખાતે કરાર હેઠળ પ્રથમ નિકાસ જથ્થો રવાના કર્યો.

તેમણે માહિતી આપી હતી કે કાપડ, ચામડું, દવાઓ અને ઈજનેરી ઉત્પાદનો જેવા મુખ્ય ક્ષેત્રોને સંપૂર્ણ કર-મુક્ત ઍક્સેસ મળશે.

(BYTE : RAHUL SINGH, JOINT DIRECTOR)

કરારના અમલીકરણ હેઠળ મુંબઈ નજીકના ન્હાવા શેવા બંદરથી સાત નિકાસ કન્સાઇનમેન્ટ આજે યુકે મોકલવામાં આવ્યા.

# PM-CETA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે અમલમાં આવેલા વ્યાપક આર્થિક અને વેપાર કરાર-CETA અને સામાજિક સુરક્ષા કરાર, ભારત-યુનાઇટેડ કિંગડમ ભાગીદારીમાં એક મહત્વપૂર્ણ ક્ષણ છે. શ્રી મોદીએ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલની સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરતી વખતે આ નિવેદન આપ્યું. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે આ કરાર ભારતના ખેડૂતો, ઉદ્યોગસાહસિકો અને MSME ને નવી ગતિ આપશે અને યુકેના બજારમાં ઘણા ગતિશીલ ક્ષેત્રો મજબૂત પ્રવેશ મેળવશે.

શ્રી મોદીએ ઉમેર્યું હતું કે સામાજિક સુરક્ષા કરાર યુકેમાં કામચલાઉ ધોરણે કામ કરતા ભારતીય વ્યાવસાયિકોને અમૂલ્ય ટેકો પૂરો પાડશે અને ભારતીય સાહસોની સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવશે.

# VP- INDIA UK- CEPA

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને જણાવ્યું કે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર અને સામાજિક સુરક્ષા કરાર અંગે જણાવ્યું કે આ કરારો બજારની પહોંચને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરશે, વેપાર અને સેવાઓને મજબૂત બનાવશે અને વ્યાવસાયિકો માટે વધુ ગતિશીલતાને સરળ બનાવશે.

જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે આ કરારને સરકાર દ્વારા જાળવી રાખવામાં આવેલા લોક-ક્રાંતિકારી વિઝનનો પુરાવો ગણાવ્યો. શ્રી શાહે જણાવ્યું હતું કે આ સંધિ યુકેમાં ભારતીય વ્યાવસાયિકોને નોંધપાત્ર છૂટછાટો પણ આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# GOYAL- CETA

એક અંગ્રેજી દૈનિકમાં પ્રકાશિત લેખમાં, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ખાતરી આપી હતી કે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર ડેરી, શાકભાજી, સફરજન, ખાદ્ય તેલ, ઓટ્સ, બાજરી, રસોઈ તેલ અને અન્ય કૃષિ ઉત્પાદનોને સંવેદનશીલ યાદીમાં મૂકીને તેનું રક્ષણ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે આ વસ્તુઓ પર યુકેને કોઈ કર છૂટ આપવામાં આવી નથી. બે દેશો વચ્ચે મુક્ત વેપાર કરારના અમલીકરણ પછી યુકેમાં પ્રથમ ભારતીય શિપમેન્ટને બેંગલુરુમાં યુકેના ડેપ્યુટી હાઈ કમિશનર ચંદ્રુ ઐયરે લીલી ઝંડી આપી હતી.

# PALESTINE- INDIA

પેલેસ્ટાઇને યુદ્ધગ્રસ્ત દેશમાં ત્રણ મુખ્ય વિકાસ પ્રોજેક્ટ્સ સ્થાપિત કરવાના ભારતના નિર્ણયનું સ્વાગત કર્યું છે. આ પ્રોજેક્ટ્સમાં એક સ્પેશિયાલિટી હોસ્પિટલ, એક કૃત્રિમ અંગ ફિટમેન્ટ સેન્ટર અને એક વ્યાવસાયિક તાલીમ સંસ્થાનો સમાવેશ થાય છે. નવી દિલ્હીમાં પેલેસ્ટાઇનના દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે પેલેસ્ટાઇનના લોકો, તાજેતરના સમયના ગંભીર માનવતાવાદી સંકટનો સામનો કરી રહ્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સ્પેશિયાલિટી હોસ્પિટલ અને કૃત્રિમ અંગ ફિટમેન્ટ સેન્ટર સ્થાપિત કરવાની ભારતની પ્રતિબદ્ધતા આરોગ્યસંભાળ સેવાઓને મજબૂત બનાવવામાં અને અસરગ્રસ્ત લોકોના પુનર્વસનમાં યોગદાન આપશે.

# FUR REV. US-IRAN ATTACKS

અમેરિકન સેનાએ કહ્યું કે તેણે આજે ઈરાન પર હુમલાઓનો એક નવો તબક્કો શરૂ કર્યો છે. યુએસ સેનાના સેન્ટ્રલ કમાન્ડ-સેન્ટકોમે જણાવ્યું કે, આ હુમલાઓ ઇરાની દળોએ હોર્મુઝ સામુદ્રધુનીમાં વાણિજ્યિક શિપિંગ પર હુમલોઓ કરવા ઉપયોગમાં લીધેલી લશ્કરી ક્ષમતાઓને વધુ નબળી પાડવા માટે છે. દરમિયાન, ઈરાનના રાજ્ય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે અમેરિકાએ દક્ષિણ બંદર શહેર બુશેહર પર હુમલા કર્યા છે, જ્યાં દેશનો એકમાત્ર નાગરિક પરમાણુ પાવર પ્લાન્ટ છે.

બીજી તરફ, ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ-IRGC એ જણાવ્યું કે તેણે બહેરીન અને જોર્ડનમાં યુએસ લશ્કરી સુવિધાઓ પર બદલો લેવા માટે હુમલા કર્યા હતા, જેમાં તેમના લશ્કરી માળખા, એરક્રાફ્ટ શેલ્ટર, મુખ્ય કમાન્ડ સેન્ટર અને વ્યૂહાત્મક ડ્રોન પર હુમલો કરાયો. એક નિવેદનમાં, IRGC એ જણાવ્યું હતું કે તેની એરોસ્પેસ ફોર્સે ઈરાન સામે નવા યુએસ આક્રમણના જવાબમાં જોર્ડનમાં અલ-અઝરાક ખાતે યુએસ લશ્કરી મથકને નિશાન બનાવ્યું.

# FIFA WORLD CUP

ફિફા વિશ્વ કપ ફૂટબોલમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના આજે રાત્રે અમેરિકાના એટલાન્ટા ખાતે બીજી સેમિફાઇનલ મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા 12 વાગ્યે શરૂ થશે.

આ પહેલા, સ્પેન ગઈકાલે રમાયેલી પ્રથમ સેમિફાઇનલ મેચમાં ફ્રાન્સ પર 2-0થી વિજય મેળવીને ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચ્યું હતું.

# JAISHANKAR - BELGIUM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે બેલ્જિયમના બ્રસેલ્સમાં યુરોપિયન યુનિયન કમિશનર ફોર સ્ટાર્ટઅપ્સ, રિસર્ચ એન્ડ ઇનોવેશન એકટેરીના ઝહારીવા સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન તેમણે સ્વચ્છ અને હરિત ઉર્જા ટેકનોલોજીમાં સંશોધન માટેની તકો અંગે ચર્ચા કરી. તેમણે ઇનોવેશન હબ, સ્ટાર્ટઅપ્સ અને હોરાઇઝન યુરોપ સાથેના જોડાણ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.